

નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩ ખાતે વિજ્ઞાન દિવસ નિમિત્તે વિવિધ શાળાઓના બાળકો માટે ચિત્ર સ્પર્ધા અને લેખનનું આયોજન કરવામાં આવ્યું હતું. રજાના દિવસ હોવા છતાં બાળકોએ ઘણી મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)



પૂ. રવિશંકર મહારાજના જન્મ દિવસ નિમિત્તે ઘ-૫ સર્કલ સ્થિત તેમની પ્રતિમાની સફાઈ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ સહીત સંસ્થાઓના આગેવાનો તેમજ આમ નાગરિકોએ પૂ. રવિશંકરજીને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

નગરમાં મોલોમસીના ઉપદ્રવથી વાહનચાલકોની સ્થિતિ કફોડી

હેલ્મેટ તથા ચશ્માના વેચાણમાં નોંધપાત્ર વધારો, તંત્ર દ્વારા ફોગીંગ કરાય તેવી માંગ

ગાંધીનગર, તા. ૧૭

ઋતુચક્રમાં થતાં ફેરફારોની સીધી અસર પ્રાણીમાત્ર ઉપર વર્તાય છે. જિલ્લામાં તાપમાનમાં થયેલો વધારો મોલોમસી નામની જીવાત માટે સાનુકૂળતા પેદા થઈ હોય તેમ નગરના તમામ માર્ગો ઉપર તેનો ઉપદ્રવ શરૂ થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં રાયડાનો પાક તૈયાર થઈ જતાં આ જીવાત હવે શહેરના માર્ગો તરફ વળી છે જેથી ઉડતી આ જીવાત વાહનચાલકો માટે જોખમી બની રહી છે. જેમાં ભરપૂર લગ્નસરાની સિઝનમાં આ જીવાત વિઘ્નરૂપ બની રહી છે. જો કે વાહનચાલકો તેનાથી બચવાના ઉપાય સ્વરૂપે હેલ્મેટ કે ચશ્માનો ફરજયાત ઉપયોગ કરી રહ્યા છે.

ધીમે ધીમે ઠંડી ઘટવા સાથે ઉનાળાના પગરવ મંડાયા છે અને સામાન્ય ગરમી વખતે ગ્રામ્ય વિસ્તારોમાં રાયડાનો પાક તૈયાર થઈ જતો હોય છે. જેમાં રાયડા ઉપર પેદા થતી મોલોમસી રાયડા લણવાનું ચાલુ થતાં જ પોતાનું સ્થળ બદલી હવામાં ઉડવા લાગે છે. અને સમગ્ર વાતાવરણ આ જીવાતથી ભરપૂર બની જાય છે. ગાંધીનગર જિલ્લામાં પણ રાયડાના મબલખ ઉત્પાદન થકી આ જીવાતનો ઉપદ્રવ પણ અનેક ઘણો વધ્યો છે. દર વર્ષે આ મોલોમસી જીવાતનો ઉપદ્રવ રહે છે. ચાલુ વર્ષે પણ ગ્રામ્ય વિસ્તાર સહિત નગરના માર્ગો પણ આ જીવાતથી ભરપુર બન્યા છે.

અને મોલમસીના અતિ આક્રમણથી દ્વિ-ચક્રી વાહનો ચલાવતા ચાલકોની હાલત કફોડી બની છે. અચાનક જ ઉડતી જીવાત આંખ, કાન કે શર્ટમાં ઘુસી જતાં પટકાઈ જવા જેવા અકસ્માતો બનવા લાગ્યા છે. જેથી હેલ્મેટ કે ચશ્મા વગર વાહન હંકારવું એ મુશ્કેલ બની રહ્યું છે. તંત્ર દ્વારા નગરના માર્ગો ઉપર ફોગીંગ કરવામાં આવે તેવી માગં પણ આ ચાલકો કરી રહ્યા છે. વધુમાં હાલ ભરપુર લગ્ન સિઝન હોવાથી માર્ગો ઉપર વાહનોની સંખ્યા પણ વધારે દેખાઈ રહી છે. ત્યારે આ જીવાત લગ્ન પ્રસંગોમાં પણ વિઘ્ન ઉભુ કરી રહી છે. જો કે મોલોમસીના અતિ આક્રમણથી બચવા વાહનચાલકો હેલ્મેટ કે ચશ્મા ફરજયાત લગાવી રહ્યા છે. જેથી હેલ્મેટ અને ચશ્માના વેચાણમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. જેમાં વળી કામચલાઉ ચશ્માનું વેચાણ ખુબજ વધ્યુ છે. છતાં પણ અગમચેતી સ્વરૂપે દ્વિ-ચક્રી વાહનચાલકો માંઉપર રૂમાલનો ઉપયોગ કરવો પણ ટાળતા નથી.

ચિલોડાના બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ખાતે શિવ-જયંતિ ઉજવાઈ

ચિલોડાના બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ખાતે મહા શિવરાત્રીના પવિત્ર દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત કેક કાપી ૭૯મી શિવ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ચિલોડા સેવા કેન્દ્ર ખાતે ૭૯મી શિવજયંતિની ઉજવણી દરમ્યાન ક્રિશ્ના હોસ્પિટલના ડૉ. મહેશભાઈ ઝાલા અને ગામના સરપંચ શવાજી ઠાકોરના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી કૈલાશદીદીએ લોકોને શિવમહિમા સમજાવ્યો હતો. તેમજ બ્રહ્માકુમારી તારાદીદીએ પણ આર્શિવચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ચિલોડા સહિત દશેલા, જાખોરા અને પ્રાંતિયા જેવા ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાપ્રસાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દહેગામ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

દહેગામ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની દ્વિ વાર્ષિક સામાન્ય સભા તા. ૧૯-૨-૧૫ને ગુરૂવારે સવારે ૯.૩૦ કલાકે અમીનવાડી દહેગામ ખાતે જિલ્લા પ્રમુખ કે.બી. વ્યાસના અધ્યક્ષસ્થાને મળશે. જિલ્લા તિજોરી અધિકારીશ્રી હિન્ડોચા ભાવેશભાઈ પટેલ તથા સ્ટેટ પેન્શનર ફેડરેશનના કન્વીનર મણીભાઈ સુથાર અને સ્ટેટ બેંકના મેનેજર ખંડેલવાલ અને તાલુકા કેડીટ સો.લિ.ના પ્રમુખની સાથે ગાંધીનગર તાલુકા પેન્શનર મંડળના કાલીદાસભાઈ પટેલ ખાસ મહેમાનો તરીકેહાજર રહી, પેન્શનરોના પ્રશ્નોના ઉકેલની દિશાનું માર્ગદર્શન આપશે. મંડળના પાંસઠ નવર્ષના સિનિયર સીટીઝનોનું સન્માન અને નવી કારોબારીની પસંદગી કરવામાં આવશે. સભ્યશ્રીઓને સમયસર હાજર રહેવા સંસ્થાના મહામંત્રી રસિકભાઈ અમીને વિનંતી કરી છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અંતરિયાળ અને અતિ પછાત ગામડામાં સેવાકીય કાર્ય કરવામાં આવે છે. ત્યારે સમિતિ દ્વારા વાપી વિસ્તારની સાત શાળાના બાળકોનું આરોય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ૧૫૯૨ વિદ્યાર્થીઓનું આરોગ્ય તપાસવામાં આવ્યું હતું.

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રો પર ધ્વજારોહણ અને શિવ-શંકરની ઝાંખીનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે સે. ૨૮ સેવા કેન્દ્ર તેમજ ઉર્જા નગર-૧ સેવાકેન્દ્ર ખાતે અને ચિલોડા કેન્દ્ર ખાતે ધ્વજારોહણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા માઉન્ટ આબુ ખાતેના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય સહિત વિશ્વના ૧૩૭ દેશોમાં આવેલ ૯૦૦૦ કેન્દ્રો ખાતે ૭૯મી શિવજયંતિની ઉજવણીનું આયોજન કરાયું હતું. જેમાં ઝંડો લહેરાવી વૈશ્વિક શાંતિ, ભાતૃભાવ અને સતોપ્રધાન સંસ્કાર ઉજાગર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ તહેવાર નિમિત્તે સે. ૨૮ સેવાકેન્દ્ર ખાતે રાજ્યના અધિક પોલીસ મહાનિર્દેશક ડો. મીરા રામ નિવાસ દ્વારા ઉર્જાનગર-૧ સેવા કેન્દ્ર જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ દ્વારા અને ચિલોડા સેવાકેન્દ્ર ખાતે ક્રિશ્ના હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. મહેશભાઈ ઝાલા તથા ગામના સરપંચ સવાજી ઠાકોરના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. તેમજ પ્રતિજ્ઞાવાંચન કરવામાં આવ્યું હતું. સે. ૨ ના સેવા કેન્દ્ર ખાતે ગાંધીનગર મનપાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશિષભાઈ દવે તેમજ નિવાસી અધિક કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.ડી. દોડીયાના હસ્તે શિવશંકરની ઝાંખીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

મજરા-તલોદ માર્ગ અકસ્માતમાં દહેગામના યુવાનનું મૃત્યુ

ગોવિંદ ફાર્મ પાસે બાઈક સ્લીપ થતા એક યુવાનનું મોત : બે ઘાયલ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સ્થિત સરકી ગામના ત્રણ યુવાન મિત્રો દહેગામથી હિંમતનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે મજરા-તલોદ માર્ગ પર તેમની બાઈક સ્લીપ થઈ જતાં ત્રણેય યુવાનો ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં એકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. પ્રાંતિજ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે બપોરના અરસામાં દહેગામના સરકી ગામમાં રહેતા ત્રણ યુવાન મિત્રો એક બાઈક લઈને મજરા-તલોદ માર્ગ પરથી ત્રણ સવારી પસાર થઈ રહ્યા હતા. પ્રાંતિજના ગડકણ ગામ નજીક સ્થિત ગોવિંદ ફાર્મ સામે અચાનક બાઈક સ્લીપ થઈ જતાં ત્રણેય મિત્રો ફંગોળાઈને રસ્તાપર ઢસડાયા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા ત્રણ મિત્રો પૈકી એકનું સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. જ્યારે અન્ય બે મિત્રોને ઘાયલ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘવાયેલા બે મિત્રો પૈકી એક યુવાનની હાલત ખુબ ગંભીર છે. પ્રાંતિજપોલીસે મૃતક યુવાનનો મૃતદેહ પીએમ કરાવી ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૧
સૂર્યાસ્ત : ૬.૩૯

તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૪૩ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૦૦, ૯.૦૦
બેબી : ૩.૦૦, ૬.૦૦
સ્ક્રીન-૩ :
એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૧૨.૩૫
મીતવા(મરાઠી) : ૪.૦૦
ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦
બેબી : ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૩.૪૫
ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧૨.૪૫
બેબી : ૧૦.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦
ષમિતાભ : ૨.૪૦
એમ.એસ.જી : ૫.૫૦
સ્ક્રીન-૨ :
રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦
સ્ક્રીન-૩ :
એમ.એસ.જી : ૮.૪૦,
રોય : ૧૨.૧૦, ૩.૨૦
બેબી : ૬.૩૦
ષમિતાભ : ૯.૪૫
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ.કમળાબેન ભીખાભાઈ પટેલ (ઉ.વ.૭૦) મુ. રીદ્રોલ, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. રમાબેન જગુભાઈ લીલાપરા (ઉ.વ.૬૧) સ્વાગત ફ્લેમીંગો, એલ-૫૦૩, સરગાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. સરોજબેન રમેશભાઈ કણસાગરા (ઉ.વ.૪૭) એફ-૨૦૪, મંગલમૂર્ત એપાર્ટમેન્ટ, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. સરોજબેન જીતેન્દ્રકુમાર નાયી (ઉ.વ.૪૫) અશ્વમેધ ફ્લેટ, ૪-બી, સે-૨૮, આદીવાડા, ગાંધીનગર